# મુનશીની ઐતિહાસિક કૃતિ : પાટણની પ્રભુતા

વર્ષાબેન કેશરસિંહ પરમાર
એમ.ફીલ. ગુજરાતી વિભાગ (વિદ્યાર્થિની)
સરનામું :- મુ.પો.મોટા, તા.પાલનપુર (બ.કાં)

ઐતિહાસિક નવલકથાનો કોઇ સ્પષ્ટ ખ્યાલ આપણા વિવેચનમાંથી હજી સુધી ઊભો થયો નથી. ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસના જાણીતા બનાવો અને ઇતિહાસની જાણીતી કે અજાણી વ્યક્તિઓ જ આવે, એમાં તત્કાલીન સામાજજીવન પ્રત્યક્ષ થાય, તે યુગની સામુદાયિક ભાવનાઓ મૂર્ત થાય કે પછી તેની પાસેથી કોઇ અન્ય અપેક્ષા રાખી શકાય કે આ તાત્વિક મુદ્દાની ચર્ચા આપણા વિવેચને ભાગ્યે જ કરી છે. બન્યુ છે એવું કે ગુજરાતીમાં ઐતિહાસિક નવલકથાની ચર્ચા મુખ્યત્વે મુનશીની નવલકથાઓને અનુલક્ષીને થઇ છે.

મુનશીની નવલકથાઓ મોટેભાગે ઐતિહાસિક વ્યક્તિઓને આધારે ઐતિહાસિક બની છે. ઇતિહાસના કેટલાક જાણીતા બનાવો પણ એમણે નિરૂપ્યા છે. ઐતિહાસિક નવલકથાઓમાં મુનશીએ પોતે તો નવલકથાને જ પ્રાધાન્ય આપ્યું છે. એમણે પોતે એ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે. એટલે એમની નવલોમાં આવતો ઇતિહાસ નવલકથાની જરૂરિયાત જેટલો અને જરૂરિયાત પ્રમાણે જ આવે છે. આ દ્રષ્ટિ સ્પષ્ટ થયા પછી ઇતિહાસવિદો ભલે એમાંના ઇતિહાસની ચર્ચા કરે, સાહિત્ય વિવેચકે તો આ દ્રષ્ટિ સ્વીકારીને પછી એનું કલાકૃતિ તરીકે જ વિવેચન કરવું જોઇએ. એમાંની મીનળ ભલે ઇતિહાસની મીનળ ન હોય, મુનશીની મીનળ તરીકે એ આ કથામાં કેવી બંધ બેસે છે એનું જ મહત્ત્વ છે.

એકલો ને સીધો ઇતિહાસ વ્યક્તિઓના નામને સાલવારીને કારણે, કદાચ શુષ્ક થઇ જાય ઇતિહાસને આધારે લખાયેલી પ્રમાણભુત નવલકથા ઇતિહાસના એ શુષ્ક અભ્યાસને રસમય બનાવી શકે, એ હવે સ્વીકારાયેલું સત્ય છે. 'ગુજરાતી' ના વાર્ષિક ગ્રાહકોને દર વર્ષે એક ભેટ પુસ્તક તરીકે કોઇ એક સારી ઐતિહાસિક નવલકથા આપવાની પ્રથા પડી હતી, જે તે જમાનામાં ખૂબ જ લોકપ્રિય હતી, તેના જ એક અંગ તરીકે ઇ.સ. ૧૯૧૬માં કનૈયાલાલ માણેકલાલ મુન્શીએ લખેલી અદભુત, રસિક નવલકથા 'પાટણની પ્રભુતા' ને ગુજરાતી પ્રેસે 'ગુજરાતી' સાહિત્યના ગ્રાહકોને ભેટ આપી હતી.

જૂના ગુજરાતના ઇતિહાસનાં સાધનો એટલાં જૂજ છે, કે તેના પર નવલકથાનો પાયો રચવો એ ઘણી મુશ્કેલીની વાત છે. ઐતિહાસિક નરોનાં જીવનચરિત્રોનો તો તદ્દન અભાવ છે. અને લેખો છૂટાછવાયા અને વાર્તાના સાધન તરીકે નકામા છે તેનું વાતાવરણ સરજાવવું અશક્ય થઇ પડે છે. તેમાં ઐતિહાસિક દ્રષ્ટિએ ખોડખાંપણો ઘણી જ નડે. તેમ છતાં કનૈયાલાલ મુનશીએ તે સમયની ઘણી ઐતિહાસિક નવલ કથાઓ આપી છે. જેમાં 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ', 'જય સોમનાથ', 'પૃથિવીવલ્લભ' વગેરે તેમણે આપેલી નોંધપાત્ર કૃતિઓ છે.

પંચાસરના રાજા જય શિખરનો વીર પુત્ર વનરાજ ગુજરાતના મધ્યકાલના ઇતિહાસનો સુત્રધાર છે. સંવત ૮૦૨ માં તેણે અણોહલવાડ પાટણ (હાલનું કડી–પાટણ) સ્થાપી, ભાવિ ગુર્જર સામ્રાજયનું પાટનગર સ્થાપ્યું. ૯૯૮માં સોલંકી વંશના શુરવીર મૂળરાજે મામા પાસેથી ગાદી પચાવી પાડી, ગુજરાતને સંસ્કૃત કરવા બ્રાહ્મણોને દૂર દેશથી નોતર્યા, અને ગિરનારના ગ્રહુરિયુને તાબે કરી, કચ્છના લાખાને મારી, લાટના સેનાપતિ બારપને હરાવી, પાટણની સત્તા વધારી. તેના પુત્ર ચામુંડે લાટની રાજધાની ભરૂચ લઇ લાટ સર કર્યું. અને ૧૦૮૦માં તેના પૌત્ર ભીમદેવના સમયમાં મહમદ ગઝનીએ સોમનાથ પર સવારી કરી ને પાટણ

લીધું મહમદ ગયો એટલે શુરવીર ભીમે પાટણ પાછુ લીધુંને તેની સત્તા વધારી ભીમની વણિક સ્ત્રી બકુલાદેવીથી મોટો પુત્ર ક્ષેમરાજ થયો. ક્ષેમરાજ વાનપ્રસ્થ થયો અને દધિસ્થલીનું સંસ્થાન લઈ પાટણનું રાજ્ય નાના સાવકાભાઈ કર્ણને આપ્યું. કર્ણના મરણ સમયનો ઈતિહાસ એ આ 'પાટણની પ્રભુતા'માં ક.મા. મુનશી સરસ રીતે ગૂંથેલો જોવા મળે છે.

ગુજરાતની જાહોજલાલી પર અંધકારના, વિસ્મરણના, પરાધીનતાના થર પર થર ચઢયા છે. વિજયી વીરોની રણહાક સાંભળી હતી, સત્તા અને ભક્તિના ભાવો અનુભવ્યા હતા. ગુજરાત એક મહાવૃક્ષ છે. તેના મૂળોમાં શ્રી કૃષ્ણ પરમાત્માનો કર્મયોગ છુપાયો છે. તેની ડાળે નર્મદો અને ગાંધીઓની કૂંપળો ફૂટી છે. મધ્યકાળમાં ગુર્જર સામ્રાજયનો પાયો નાખનાર મૂળરાજ સોલંકી હતો. દુર્લભસેનના ભાઈ નાગરાજનો જુવાન પુત્ર ગાદીએ આવ્યો ત્યારે દેશની સ્થિતિ ઘણી ખરાબ હતી. ગજનીના બાદશાહની આકાંક્ષાનો જવાળામુખી ફાટયો. તેના લાવારસે પાટણ બાળ્યું, સોમનાથ જમીન દોસ્ત કર્યું. ગુજરાતની સ્વતંત્રતા પર રાખ વળી ગઈ. ભીમદેવ જીવ લઈ કંથેકોટ (કચ્છ) ભાગી ગયો. પાછળથી બહાદુર ભીમે પાટણ પાછું લીધું અને યવનોએ બેસાડેલા નામના રાજાઓને દેશમાંથી હાંકી કાઢયા. પાટણ ફરી સ્વતંત્ર થયું.

પાટણના નગરશેઠ અને દંડનાયક વિમળમંત્રી એ ધનના મદમાં પાટણ છોડી ચંદ્રાવતી વસાવ્યું. કેટલાક પૈસાદાર વેપારીઓ ત્યાં જઈ વસ્યા. અને પોતાનો રાજય કારભાર મહાજન મારફતે કરવા લાગ્યા. પાટણ નામની જ સત્તા ત્યાં ભોગવતું રાજપૂત યોદ્ધાઓ પાટણના રાજાને નામનો જ ચક્રવર્તી ગણતા, શક્તિમાન મંડલેશ્વરો જુદાં–જુદાં મંડળોમાં રહી પોતાની સ્વતંત્ર સત્તા ચલાવતા અને આ બધાની મદદથી પોતે પાટણ પાછું લીધેલું હોવાથી ભીમ કાંઈ બોલી શકતો નહિ.

જૈનો અને રાજપૂતના પક્ષો વચ્ચે કચવાટ ઘણો ચાલતો. ભીમે વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો. રાજપૂત સ્ત્રી ઉદયામતીનો પુત્ર કર્ણદેવ ગાદી પર આવ્યો. તેનામાં વીરતા હતી, પણ સાથે મોજમજાનો શોખ અત્યંત હતો. ક્ષેમરાજનો પુત્ર દેવપ્રસાદ અશાંતિની મૂર્તિ હતો. પાટણના શ્રાવકોનું જોર વધ્યું. મંત્રીપદો તો તેમના જ હતાં. ચંદ્રપુરની કુંવરી મીનળ કર્ણદેવને પરણવા આવી. રાજા પરણ્યા, પસ્તાયા અને તેને ત્યાગી. નગરશેઠ મુંજાલ રાજાનો મિત્ર હતો. તેના પ્રયાસથી પતિ–પત્ની વચ્ચે સમાધાન થયું. પાટણને નિર્બળ જોઈ દેવપ્રસાદનું હ્દય ચિરાતું હતું. પણ શું કરે ! કર્ણદેવનું મૃત્યું હાથવેંત આવ્યું શું થશે, એ પ્રશ્નોથી વાતાવરણ ગંભીર થયું હતું.

આ વાત સિદ્ધરાજ જયસિંહના પિતા કર્ણદેવ મરવા પડયા તે સમયની છે. તે સમયમાં ક્ષેમરાજનો પુત્ર દેવપ્રસાદ રાજપૂત સામંતોનો અગ્રેસર હતો, અને પાટણનો દંડનાયક બનવા તલસતો હતો, છતાં તેની સત્તા સામે તોફાન કરી રહ્યો હતો. ચંદ્રાવતીમાં જૈનોએ સ્વતંત્ર સત્તા સ્થાપી હતી, અને તેઓએ પાટણની સત્તા હાથ કરવા આનંદસૂરિ નામનો જતિ મોકલ્યો હતો.

પાટણમાં મીનળદેવી પાટણના નગર શેઠ મુંજાલ મહા અમાત્યની મદદથી પાટણની સત્તા એક ચક્રે સ્થાપવા પ્રયત્ન કરી રહી હતી. મુંજાલ મીનળનો ભક્ત હતો. તેણે જ તેને કર્ણદેવ જોડે પરણાવી હતી. એ બે વચ્ચે શુદ્ધ સ્નેહસંબંધ પણ હતો.

દેવપ્રસાદ કાકાની માંદગીના સમાચાર સાંભળી પોતાના વીર પુત્ર ત્રિભુવનપાળને લઈ પાટણ આવે છે. આનંદસૂરિ મીનળદેવીને હાથ પર લે છે અને રાજાના મરણ પછી, મુંજાલને બદલે શાંતુ મંત્રીને પાટણનો દંડનાયક બનાવે છે, અને દેવપ્રાદને કેદ કરવા મથે છે. અપમાન પામેલો મુંજાલ પાટણ છોડે છે, ને ક્રોધે ભરાયેલો દેવપ્રસાદ પાટણનો કોટ કુદાવી દધિસ્થલી જઈ પાટણ પર હુમલો કરવાની તૈયારી કરે છે. દેવપ્રસાદની સ્ત્રી અને મુંજાલની બહેન હંસાને મીનળદેવીએ કેદ કરી રાખી હતી અને એવી લોકવાયકા ચલાવી હતી કે તે મરી ગઈ આ વખતે રાણી તેને છોડે છે અને દેવપ્રસાદને પાટણ પર આવતો અટકાવવાનું વચન લે છે.

મુંજાલની બેદરકારી અને દેવપ્રસાદની ધાક એ બેથી નિરાધાર બનેલી મીનળદેવીને પાટણના લોકની બીક લાગી હોવાથી તે છાનીમાની જયદેવ સહિત શહેર છોડી ચંદ્રાવતીના સૈન્યની છાવણીમાં જાય છે અને મુંજાલને કેદ કરે છે. પોતાની સલાહ આટલી સફળ થઈ તે જોઈ જતિ જૈનધર્મના કટ્ટા દુશ્મન દેવપ્રસાદને દધિસ્થલીમાં મારી નાખે છે.

પણ પાટણના લોકો ઉશ્કેરાય છે, રાજગઢ કબજે કરી, ત્રિભુવનપાળને બધી સત્તા આપે છે ને રાણીનો બહિષ્કાર કરે છે, રાણી ગૂંચવાય છે. આખરે મુંજાલની મદદ લે છે. સજીવન થયેલા સ્નેહને લીધે મુંજાલ પાટણને સમજાવે છે ને પટ્ટણીઓ રાણીને અને જયદેવને સ્વીકારે છે. નિષ્ફળ બનેલો જતિ માનભંગ થઇ પાટણ છોડે છે.
જયદેવ ગાદીએ બેસે છે. ત્રિભુવનપાળ રાણીની ભત્રીજી પ્રસન્ન (કાશ્મીરા દેવી) જોડે પરણે છે. અને મુંજાલ પાટણની ધજા ગુજરાત પર ફરકાવવાનો પ્રયાસ આરંભે છે. ત્રિભુવન લાટ (સાબરમતીથી દમણ સુધીનો પ્રદેશ)નો દંડનાયક નિમાય છે, અને ઉદામંત્રીને કર્ણાવતી અને ખંભાતની સત્તા આપવામાં આવે છે.

ઐતિહાસિકતાની દ્રષ્ટિએ 'પાટણની પ્રભુતા' તપાસતા સ્પષ્ટ જણાઇ આવે છે કે મુનશીએ આ નવલકથામાં સોલંકી યુગને સજીવન કર્યો છે. આ નવલકથા દ્વારા પાટણનું ભૂતકાલીન ગૌરવ ગાયું છે. આ કૃતિના પાત્રો ઐતિહાસિકની સાથે પૌરાણિક અને વાસ્તવિક લાગે છે. સ્વતંત્રતા, માતબર સમૃદ્ધિ, સત્તા લાલસા જેવા શબ્દચિત્રોનું નિર્માણ, ઈતિહાસના આપણા રાજાઓની વૈભવી જીવનશૈલી અને પાટણને આબાદ બચાવી મીનળદેવી જેવી સશક્ત નારીના ચરિત્ર દ્વારા વણાયેલી આ પાટણની ઘટનાના ત્યાગને ઈતિહાસ ચિરંજીવી ગણાવે છે. સમગ્ર કૃતિનું અવલકોન કરતાં ઈતિહાસના પાને-પાના સજીવન કરતી ધ્યાનાકર્ષક નવલકથા બને છે.

સંદર્ભગ્રંથ

૧. યશવંત દોશી, કનૈયાલાલ મુનશી : અધ્યયનના કેટલાક પ્રશ્નો
૨. મુનશી ક.મા., પાટણની પ્રભુતા, સોળમી આવૃત્તિ, ગુર્જર પ્રકાશન
૩. મુનશી ક.મા., ગુજરાતનો નાથ, સત્તરમી આવૃત્તિ, ગુર્જર પ્રકાશન